॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

નખત્રાણા-કચ્છ

● સં. ૨૦૭૯ ● કાર્તિક સુદ-૪ ● તા. ૨૯-૧૦-૨૦૨૨ ● શનિવાર SDP NO: 919 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

મુંબઈ મહિલા મંડળની નવી કારોબારીને કાર્યભારની સોંપણી

શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈની વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીની નવી કારોબારીને પૂર્વ કારોબારી દ્વારા કાર્યભારની સોંપણીનો કાર્યક્રમ સાથે નેસ્લે કુકીંગ કોન્ટેસ્ટ તા. ૩૦ ઓગષ્ટના બપોરે ૨.૦૦ વાગે પાટીદાર વાડી ઘાટકોપર ખાતે ઉપપ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો.

સર્વ પ્રથમ કાર્યક્રમનું સંચાલન કરતા મંડળના મહામંત્રી શ્રીમતી રૂમિકાબેન પોકારે ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. દિપ પ્રાગટ્ય માટે મંડળના ઉપપ્રમુખ વર્ષાબેન દિવાણી, માજી પ્રમુખ શીલાબેન નાકરાણી, મહામંત્રી- હેમિકાબેન પોકાર, ખજાનચી શીતલબેન રૂડાણી નિર્ણાયક સમિતિના કન્વીન્યર કમળાબેન ભાવાણી, ઘાટકોપર સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ સેંઘાણી મહામંત્રી- રમેશભાઈ વાસાણીને તથા ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ ભાવનાબેન ધોળુને આમંત્રિત કર્યા હતા. આરતી ગાવા માટે પ્રવિણાબેન ખીમાણી, લીલાબેન નાકરાણી અને જાગૃતિબેન સુરાણીને આમંત્રિત કર્યા હતા. ત્યારબાદ આવેલા મહેમાનોના આર્શિવચન લીધા હતા.

પ્રમુખ	: શ્રીમતી હેમિકાબેન વિરેન્દ્રભાઈ પોકાર, વસઈ
પૂર્વ પ્રમુખ	: શ્રીમતી દક્ષાબેન હરેશભાઈ મેવાણી, ઘાટકોપર
ઉપ પ્રમુખ	: ૧)શ્રીમતી પુષ્પાબેન કિશોરભાઈ ભગત, ઘાટકોપર
	૨)શ્રીમતી નર્મદાબેન છગનભાઈ રામજીયાણી, બોરીવલી
	૩)શ્રીમતી કસ્તુરબેન શાંતિભાઈ ભગત (ડોંબીવલી)
મહામંત્રી	: શ્રીમતી શીતલબેન વિનોદભાઈ ચુડાણી, ઘાટકોપર
સહમંત્રી	:૧) પુનમબેન નરેન્દ્રભાઈ રામજીયાણી
	૨)સુરેખાબેન દિનેશભાઈ વાસાણી નાલાસોપારા
	૩)શર્મિલાબેન ભરતભાઈ રામજીયાણી, ઘાટકોપર
ખજાનચી	: શ્રીમતી પ્રભાબેન શાંતિભાઈ ડાયાણી -ઘાટકોપર
સહખજાનચી	: ૧)રીટાબેન અનિલભાઈ રુડાણી, મુલુંડ
	૨) ઝવેરબેન મોહનભાઈ વેલાણી, ઘાટકોપર
	૩) ભારતીબેન હિંમતભાઈ વાલાણી, પનવેલ

કારોબારી સભ્યો

૧ વર્ષાબેન નરેશભાઈ દિવાણી, ઘાટકોપર
૨) શીલાબેન પ્રફુલ્લભાઈ નાકરાણી ઘાટકોપર
૩) જયોતિબેન જીતેન્દ્રભાઈ છાભૈયા, બોરીવલી
૪) દમયંતીબેન નરસિંહભાઈ સેંઘાણી, ઘાટકોપર
૫)કોકીલાબેન પરસોત્તમભાઈ પોકાર, મુલુંડ
૬)રેખાબેન નરેન્દ્રભાઈ ધોળુ, ડોંબીવલી
૭) લીલાબેન શાંતિભાઈ પોકાર, વિરાર
૮) પ્રભાબેન ઈશ્વરભાઈ માવાણી, ઘાટકોપર
૯)ગીતાબેન અમૃતભાઈ પોકાર
૧૦) લીનાબેન ધીરજભાઈ પોકાર, ઠાકુર્લી,
૧૧) પ્રવિણાબેન મહેશભાઈ ખીમાણી, કાંદિવલી.
૧૨) લીલાબેન ધીરજભાઈ નાકરાણી, બદલાપુર
૧૩) અનસુયાબેન કાંતિભાઈ સુરાણી, બદલાપુર
૧૫) સુશીલાબેન દિલીપભાઈ ધોળુ, ઘાટકોપર
૧૬)હીનાબેન નયનભાઈ રુડાણી, મલાડ

કો.ઓપ સભ્યોઃ

૧) ભારતીબેન દિલીપભાઈ પરવાડિયા, પનવેલ
૨) હંસાબેન કલ્યાણજી સેંઘાણી ડોંબીવલી,
૩) કાન્તાબેન નરસિંહભાઈ ભગત, કામોઠા
૪)રાધાબેન નવીનભાઈ પારસીયા, થાણા
૫)પ્રવિણાબેન રવિલાલ પોકાર, વસઈ
૬) અનુરાધા પરેશભાઈ હળપાણી, ઘાટકોપર

કુકીંગ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બધા પરાંઓ નાં વિસ્તાર માંથી ૧૩ મહિલાઓએ ભાગ લીધો હતો. નેસ્લે કંપનીમાંથી ત્રણ મહિલાઓએ મીલ્ક મેડ માંથી ત્રણ અલગ અલગ મોદક બનાવવાની રેસીપી શીખવાડી હતી. જે બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેઓએ પણ અલગ અલગ સ્વીટ્સ બનાવીને લઈ આવ્યા હતા તેમાંથી સીલેકટ કરીને ત્રણ ઈનામો આપવામાં આવ્યા હતા. જે ઈનામો નીચે પ્રમાણે હતા.

પહેલું ઈનામ- કુસુમબેન અનિલ ડાયાણી
બીજું ઈનામ- મહેકીબેન જબુઆણી
ત્રીજું ઈનામ- હેમાંગીબેન જીગર પોકાર

આ ત્રણે બહેનોને નેસ્લે તરફથી ગીફ્ટ આપવામાં આવ્યા હતા. મંડળ તરફથી બધી બહેનોને કોન્સેલેશન ઈનામ આપવામાં આવ્યા હતા. પ્રમુખ સ્થાનેથી વર્ષાબેન દિવાણીએ નવી ટીમને અભિનંદન આપ્યા. પ્રમુખ દક્ષાબેન હાજર રહી શકયા નથી એમના ઘરે પૌત્રી જન્મના વધામણા છે ઘરે ખુશીનું વાતાવરણ છે માટે એમના લખેલા પત્રનું બધાની વચ્ચે વાંચન કરાવ્યું. દક્ષાબેને આખી ટીમને શુભેચ્છા આપી કહ્યું કે પ્રમુખ હેમિકાબેન પોકારને આખી ટીમનો ભાર સુપ્રત કરું છું અને બધાનો ખૂબ ખૂબ આભાર માન્યો.

નવા પ્રમુખ હેમિકાબેન પોકાર કહ્યું કે મને સોંપાયેલા પ્રમુખ પદને હું તન, મન, ધનથી પુરેપુરું નિભાવવાની કોશીશ કરીશ અને ન્યાય આપીશ. સૌને હૃદયથી આભાર માનું છું. આપણે સૌ સાથે મળી ઉત્કૃષ્ટ કાર્યક્રમોના આયોજન કરી માતૃસંસ્થાને દીપાવશું. આપ સૌએ સંસ્થાની સેવા કરવાનો મોકો આપ્યો છે તેને હું મારું સોભાગ્ય માનું છું. દરેકની અપેક્ષાને પૂર્ણ કરવા મા ઉમિયા પાસે પ્રાર્થના કરી પોતાનું મંતવ્ય પૂર્ણ કર્યું હતું. નવનિયુકત મહામંત્રી શીતલબેન રૂડાણીએ પોતાની જવાબદારી નિભાવવાનું વચન આપ્યું હતું.

ત્યારબાદ સહમંત્રી શર્મિલાબેન રામજીયાણીએ સર્વે આવેલ મહેમાનોનો અને ભાગ લેનાર બહેનોનો આભાર માન્યો હતો. સમુહમાં રાષ્ટ્રગીત ગાઈ અલ્પાહાર લઈ છુટા પડયા હતા.

ડી.એમ. જી. રિજીયનમાં ઉડાન હમારી કાર્યક્રમ

દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન નાં ૫૫૦ કિલોમીટર જેટલા વિસ્તાર માંથી કુલ ૨૨૦ ની સંખ્યામાં યુવા પાર્ટીસીપેન્ટ દિવાળીની રજાઓમાં ઉમંગ અને ઉત્સાહ સાથે ૨૮ ઓકટોબર ના દિવસે યુવાઓ માટે ની "ઉડાન હમારી" આ Most Awaiting Event ની આજે શાનદાર Flag March સાથે સેન્ટ્રલ યુવાસંઘના હોદ્દેદારો તેમજ DMG રીજીયનના ના હોદેદાર મિત્રોના ઉપસ્થિતિમાં કંકુ તિલક કરીને ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ ના સનાતની જયઘોષમાં ચૈતન્ય, સ્ફૂર્તિ ને ઉત્સાહ પૂર્ણ વાતાવરણમાં પ્રથમ સેશનમાં મોટિવેટર તરીકે Always Energetic એવા યુવાસંઘના મિશન ચેરમેન નટવર સામાણી, નાગપુર અને શબ્દોના જાદુગર કેહવાય એવા મૌલિક સોનીની ઉપસ્થિતિમાં રાજારામબાપુ પાટીલ મીલીટરી સ્કૂલ ઈશ્વરપૂર મુકામે શુભ સરૂવાત કરવામાં આવેલ. દિવાળીનાં પર્વ વચ્ચે પણ ઉપસ્થિત કર્મઠ લીડરો સેન્ટ્રલ યુવાસંઘ મિશન ચેરમેન નટવર સામાણી, સેન્ટ્રલ યુવા ઉત્કર્ષ કન્વીનર નિશાંત રામાણી, (નાગપુર), રીજીયન ચેરમેન ઈશ્વર પોકાર,(મહાડ) ચીફ સેક્રેટરી - ઈશ્વર છાભૈયા, યુવા ઉત્કર્ષ કન્વીનર - પ્રકાશ રૂડાણી, ઓસન કાઉન્સિલ પી.ડી.ઓ. મિશન યુવા ઉત્કર્ષ, ગોવિંદ છાભૈયા તેમજ યુવા ઉત્કર્ષ હર્ષા ઠાકરાણી અને ખાસ પોતાના પદભાર અદા કરવા એગ્રીકલ્ચર કન્વીનર પ્રવીણ રામાણી, ક્રિષ્ના વિભાગ સેક્રેટરી ભરત પોકાર, બિઝનેસેલ કન્વીનર અનિલ રામાણી, ઈશ્વરપુરા મંડળ પ્રમુખ ભરત રામાણી, તમામનાં જીવનમાં યુવાઓની શકિતને અવલોકન કરવાનો અવસર પ્રાપ્ત થયો તેની વ્યાપક ખુશી સાથે જિજ્ઞાસા સંતોષવા આવેલ ૨૨૦ યુવાઓ નાં ઉમંગ અને ઉત્સાહ નાં સ્પંદન ની અનુભૂતિ એડવોકેટ ગીતા નાકરાણી, (સતારા), ઉડાન હમારી ૨૦૨૨ નાં સી.ઈ.ઓ. સંજય છાભૈયા અને આ પ્રોજેક્ટનાં સેક્રેટરી

દક્ષિણ ગુજરાત ઝોન અને એસ.યુ.વી. કેમ્પસ ખાતે સમુહલગ્નની નવાજુની

દક્ષિણ ગુજરાતનાં ઝોન પ્રેસિડેનન્ટ રમેશભાઈ પારસિયા અને તેમની સમગ્ર ટીમ જેમાં આગામી તુલસી વિવાહ નિમિતે થનાર ૨૭ માં સમૂહ વિવાહ માં ૩૬ દિકરીઓને ઝોન સમાજ દ્વારા દામ્પત્ય જીવનમાં પગલાં પડવાના અવસરને સરાહનીય કરવા પૂર્વ તૈયારીઓ રૂપે ગત રોજ SUV school કેમ્પસ માં મળ્યા હતા. સામાજિક અગ્રણીઓ અને સમિતિના સભ્ય ખાસ ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે સ્થાનિક સમાજના અગ્રણીઓ, કામરેજ ધારાસભ્ય વી.ડી.ઝાલાવાડીયા, મામલતદાર, પ્રાંત ઓફિસર અને કામરેજ તેમજ ચલથાણ સુગર ફેકટરીનાં ચેરમેન, લાલચુડા કડવા પાટીદારનાં અગ્રણી સુરેશ પટેલ, અનાવિલ સમાજ ના અગ્રણી ગુણવંત દેસાઈ અને સારસ્વત મિત્રોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવા કાંતિભાઈ સાંખલા અને કેમ્પસ સંચાલક જગદીશ ચાવડા સાહેબ ખાસ રૂબરૂ મળવા ગયા હતા.

ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત suv school કેમ્પસ માં આગામી ૦૪ ઓકટોબર નાં યોજાનાર સમૂહ વિવાહની ઉત્સાહભેર તૈયારીઓ ચાલુ છે. આ પ્રસંગે ૮૦૦૦ ની જનસંખ્યા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે આરોગ્યનો કેમ્પ પણ કિરણ હોસ્પિટલ દ્વારા કરવામાં આવશે. સાથે સ્થાનિકનાં ક્રેપી નાં તમામ ડોકટર ટીમ કાયમ આવા કાર્યક્રમ માં સેવા આપે છે તે પણ ફરજ અદા કરસે.

ટીમ યુવાસંઘ તેમના મિશનની વ્યાપકતા કાજે થીમ ઉભા કરશે. જેમાં યુવા સુરક્ષા કવચ ને હજી પૂર્ણ કરવાનું કાર્ય કરવામાં આવશે.

દરેક સમૂહ વિવાહમાં લગ્ન થનાર હવે YSK ફરજિયાત કરવામાં આવ્યા છે. આ સિવાય સરકારી તમામ યોજનાનાં લાભ પરણિત યુગલને આપવામાં આવશે..

ઝોન મહામત્રી દ્વારા જણાવ્યા મુજબ તુલસી વિવાહ નાં દિવસે એટલે ૦૪ તારીખ નાં ૩૬ સમૂહ વિવાહ કરવામાં આવશે ત્યારે તે દિવસે સવારે ઝોન સમાજની કારોબારી મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રદ્દી સે સમૃદ્ધિ મિશનને વ્યાપક બનાવી જે બેસ્ટ વિષયને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

ઝોન સમાજને કેન્દ્રીય સમીતી દ્વારા આપવામાં આવેલ એક્શન પ્લાનનાં આયોજન મુજબ ઝોન સમાજના ઉપપ્રમુખ બાબુભાઈ જાદવાણી બીલીમોરાને રદ્દી સે સમૃદ્ધિ પ્રોજેક્ટ ચેરમેનની ફરજમાં નિમણુક કરવામાં આવેલ છે. તેમની સાથે રીજીયન ચેરમેન, ઉપચેરમેન અને આ પ્રોજેક્ટનાં કન્વિનર ભવન જાદવાણી સાથે પૂર્વ રીજીયન ચેરમેન એવા જયેશ ભાવાણી, પરસોતમ સાખલા-અંકલેશ્વરનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

કારોબારી સભામાં તમામ દક્ષિણ ગુજરાત ઝોન સમાજની ઘટક સમાજ ના પ્રમુખ અને મહામંત્રીને આ પ્રોજેક્ટની અસરકારકતા અને પરિણામલક્ષી બનાવવા નું કર્તવ્ય કરવાનું રહેશે.

જેની તમામ માહિતી આપવામાં આવશે એને એક સાથે ઘટક સમાજનો સંકલ્પ પણ જાહેર કરવામાં આવશે.

આ સિવાય ભૂમિદાનની પણ ફરજ અદા કરવા સહુને માહિતગાર કરવાના રહેશે.

ધુલીયામાં સ્નેહમિલન અને વિદ્યારત્ન પુરસ્કાર સમારોહ

તારીખ - ૨૬-૧૦-૨૦૨૨ ને બુધવાર નાં રોજ સવારના ૦૯:૦૦ કલાકે ધુલિયા પાટીદાર ભવન મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધુલિયા દ્વારા વિદ્યારત્ન પુરસ્કાર સમારોહનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યારત્ન પુરસ્કાર સમારોહની શરૂઆત સમૂહ પ્રાર્થના થી કરવામાં આવી હતી. ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરી માં ઉમિયા અને ભગવાન લક્ષ્મીનારાયણનાં આશીર્વાદ મેળવી સમાજ ની દીકરીઓએ સુંદર ગણેશ વંદના નૃત્ય કરી સૌને આવકાર્યા ત્યારબાદ સમાજ ની ત્રણે પાંખોના હોદ્દેદારો, મંડળનાં સલાહકાર સભ્યોને સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું હતું.

પાટીદાર સમાજના અધ્યક્ષ નાનજીભાઈ નાયાણી નાં અને યુવક મંડળ નાં વાઈબ્રન્ટ પ્રેસિડેન્ટ દીપક ચૌધરી દ્વારા મંચસ્થ મહાનુભાવો, સદન માં ઉપસ્થિત સમાજ નાં વડીલો,માતાઓ,મહિલા મંડળ અને યુવક મંડળ નાં સભ્યો તેમજ વિદ્યાર્થી મિત્રોનું પુષ્પ રૂપી શબ્દો થી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ વર્ષ ૨૦૨૨નાં તેજસ્વી તારલાઓને અને સાથે સમાજના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સલાહકારો નાં વરદ હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવેલ હતા.

ત્યારબાદ આગામી દિવસોમાં કેન્દ્રીય સમાજ, યુવાસંઘ અને મહિલા સંઘ ઉજવવા જઈ રહ્યું છે સનાતની શતાબ્દી મહોત્સવ અંતર્ગત માહિતી આપવામાં આવી

આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન યુવક મંડળ નાં મહામંત્રી, ગીરીશ રામજીયાણી ની ટીમ અને કારોબારી સમિતી નાં સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

અંતમાં આભાર વિધિ કરવામાં આવી એને ત્યારબાદ સૌ રાષ્ટ્રગાન કરી ને ભોજન નો આનંદ લઈને છૂટા પડેલ.

અવસાન નોંધ

તા. ૨૮/૧૦/૨૦૨૨

સ્વ. લક્ષ્મીબેન પ્રેમજીભાઈ વાલાણી ઉંમર : ૬૯ વર્ષ, કચ્છમાં : વિથોણ	સ્વ. ગંગાબેન રતનશીભાઈ રવાણી ઉંમર : ૭૨ વર્ષ, કચ્છમાં : મથલ હાલે : રાનફુવા-ચીખલી
સ્વ. મેઘ જીભાઈ કરમશીભાઈ રૈયાણી (રામાણી) ઉંમર : ૧૦૦ વર્ષ, કચ્છમાં : જુનાવાસ (નખત્રાણા) હાલે : રાયપુર (અવસાન : ૨૭/૧૦/૨૨)	સ્વ. મોહનભાઈ ધન જીભાઈ સેંઘાણી ઉંમર : ૬૦ વર્ષ, કચ્છમાં : રત્નાપર (મઉ) હાલે : પુના (અવસાન : ૨૯/૧૦/૨૨)

સ્વ. શિવદાસભાઈ કરમશીભાઈ સેંઘાણી
ઉંમર : ૮૨ વર્ષ, કચ્છમાં : રાજપર
હાલે : ડોંબિવલી (મુંબઈ) (અવસાન : ૨૯/૧૦/૨૨)

H.K. DOORS
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva